એમ બી પટેલ અંગ્રેજી માધ્યમ સ્કૂલનું ગૌરવ

એમ બી પટેલ અંગ્રેજી માધ્યમ શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની અંજલિ સુરેન્દ્રસિંહ રાજપૂત રાજ્ય કક્ષાની કૂકિંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા બન્યાં છે. હવે તે રાષ્ટ્રીયકક્ષાએ કૂકિંગ સ્પર્ધામાં શાળાનું પ્રતિનિધિત્વ કરશે. અંજલિની આ સિદ્ધિ બદલ શાળા પરિવારે આનંદની લાગણી વ્યક્ત કરી તેમને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી છે.

વાર્તાનગરી કડીમાં પુસ્તક વિમોચન

ગાંધીનગર, તા. ૭

સાહિત્યના ક્ષેત્રમાં વાર્તાનગરી તરીકે ઓળખાતા કડી નગરમાં યુવા લેખિકા ડો.ફાલ્ગુની જે. ગજજરના પ્રથમ પુસ્તક 'વાત વૈષ્ણવજનની'નો વિમોચન સમારોહ સાહિત્યકારો, કેળવણીકારો, સારસ્વતો અને સમાજના આગેવાનોની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો.

આ પ્રસંગે વરિષ્ઠ સાહિત્યકાર રમેશ ત્રિવેદી, નવલકથાકાર કલ્પેશ પટેલ, ડો.આર. જે. વ્યાસ, ડો. બી. એસ. પટેલ, નલિનભાઈ શાહ અને રોટરી કલબના પ્રમુખ ડો .કપિલ ત્રિવેદીએ પ્રથમ પુસ્તક દ્વારા સાહિત્યના ક્ષેત્રમાં પ્રવેશેલા લેખિકા ડો. ફાલ્ગુની ગજજરનું ગૌરવપદ અભિવાદન કરી શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં ડો.કલ્પેશ પટેલે સોશિયલ મીડિયામાં સાહિત્યનો પ્રભાવ એ વિષય પર વકતવ્ય આપ્યું હતું

જેઈઈ મેઈન્સ ૭થી ૧૨માં ઑનલાઈન

બીજા તબક્કાની આ પરીક્ષામાં ૮ લાખથી વધારે વિદ્યાર્થીઓ ભાગ લેશે : જે તબક્કામાં વધારે માર્ક્સ હશે તે ગણતરીમાં લઈ મૅરિટ લિસ્ટ તૈયાર કરાશે

ગાંધીનગર, તા. ૭

ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે લેવાનારી જેઈઈ મેઈનની બીજા તબક્કાની પરીક્ષા આગામી તા.૭મીથી ૧૨મી સુધીમાં ઓનલાઈન લેવાશે. આ પરીક્ષામાં અંદાજે ૮ લાખથી વધારે વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહે તેવી શકયતા છે. અગાઉ જાન્યુઆરીમાં લેવાયેલી પરીક્ષા અને આ બીજા તબક્કાની પરીક્ષા પૈકી જે પરીક્ષાના માર્કસ વધારે હશે તેની ગણતરી કરીને વિદ્યાર્થીઓનું મેરિટલિસ્ટ તૈયાર કરાશે. ડિગ્રી ઈજનરીમાં પ્રવેશ માટે વર્ષમાં બે વખત જેઈઈ-મેઈન લેવાનું નક્કી કરાયું છે. પહેલા તબક્કાની પરીક્ષા ૯થી ૨૦ જાન્યુઆરી વચ્ચે લેવાઈ હતી. જેમાં અંદાજે ૧૧ લાખ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓ બન્ને પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થા હોવાના કારણે બીજા તબક્કાની પરીક્ષામાં પણ અંદાજે ૮ લાખથી વધારે વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે. તા.૭મીથી ૧૨મી એપ્રિલ સુધીમાં ઓનલાઈન એકઝામ લેવામાં આવશે. અગાઉ તા.૩૦મી એપ્રિલ સુધી જેઈઈ-મેઈનની પરીક્ષા લેવાનું નક્કી કરાયું હતું. પરંતુ ચૂંટણીના કારણે આ પરીક્ષા તા.૧૨મી સુધીમાં પૂર્ણ કરી દેવાનું નક્કી કરાયું છે. આ પરીક્ષામાં પ્રથમ બે લાખ સુધીમાં મેરિટમાં આવનારા વિદ્યાર્થીઓને જેઈઈ-એડવાન્સ આપવાની તક આપવામાં આવશે. ગુજરાતમાંથી પણ પહેલા તબક્કામાં પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ પૈકી મોટાભાગના વિદ્યાર્થીઓ બીજા તબક્કામાં પરીક્ષામાં પણ ઉપસ્થિત રહેશે. જોકે, ગુજરાતની ઈજનેરી કોલેજોમાં પ્રવેશ માટે ગુજકેટ લેવામાં આવનાર હોવાથી જે વિદ્યાર્થીઓને આઈઆઈટી અથવા તો નિરમા સહિતની કોલેજોમાં પ્રવેશ લેવો હોય તેવા વિદ્યાર્થીઓ જેઈઈ-મેઈન અને એડવાન્સ આપશે.

ઓનલાઈન પેમેન્ટ ફેલ થવા પર તુરંત મળશે સમાધાન

ગાંધીનગર, તા. ૭

જો તમે પણ ઑનલાઈન પેમેન્ટનો વધારે ઉપયોગ કરો છો અને ઘણી વખત પેમેન્ટ ફેલ થવા પર પરેશાન થઈ જાવ છો તો તમારા માટે સારા સમાચાર છે. રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા જલ્દીથી ઑનલાઈન પેમેન્ટ કરનાર ગ્રાહકોની સુવિધા માટે નવો નિયમ આવવાનો છે. આ નિયમ આવ્યા બાદ ઑનલાઈન ફેલ ટ્રાન્ઝેક્શનની ફરિયાદનું સમાધાન એક નક્કી કરેલા સમયની અંદર કરવામાં આવશે .

જીઉ સાઈકલ ક્લબ દ્વારા અનોખી સાઈકલ રેસ

જીઉ સાઈકલ ક્લબ દ્વારા રવિવારે સવારે સાઈકલ રેલી રેસનું આયોજન કરવામાં આવ્યું હતું. ક્લબનાં પ્રમુખ પિન્કી જ્હાએ આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે ૨૦ કિમીની આ રેસ એ રેલી રન અને બાઈસીકલ રેસીંગનો સમન્વય હતી, જે ગિફ્ટ સિટી ખાતે યોજવામાં આવી હતી. આ રેસની દરેક ટીમમાં બે સ્પર્ધકો હતા. એક સ્પર્ધક ૧૦ કિમીની રેસ પૂર્ણ કર્યા બાદ પરત સ્ટાર્ટ પોઈન્ટ પર આવે અને બીજા સ્પર્ધકને સાઈકલ આપે, જેણે બીજા ૧૦ કિમીની રેસ પૂર્ણ કરવાની. જે ટીમના સ્પર્ધક સૌથી ઓછા સમયમાં આ રેસ પૂર્ણ કરી શકે તે વિજેતા ગણાય. વિજેતા ટીમે ૩૨ મિનીટમાં આ રેસ પૂર્ણ કરી હતી. રાજ્યભરના સ્પર્ધકો ઉપરાંત ૪ જાપાનાઝી સ્પર્ધકોએ પણ આ અનોખી રેસમાં ભાગ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે ૪ વર્ષના અંતરાલ પછી જીઉ સાઈકલ ક્લબ દ્વારા પોતાની કાર્યપ્રવૃત્તિઓનો પુનઃ આરંભ કરવામાં આવ્યો છે.

ઐક્યની ઝંખના

॥ સાતમો મણકો ॥

છાપાવાળા દાક્તરોથી પણ તેમણે કેટલીક વધારે સારી શોધો કરેલી છે એમ તેમનો વિશ્વાસ છે. તેમનો વિશ્વાસ તે મારામાં પેદા નથી અકી શક્યા એ તેમને અને મને બંનેને દુઃખની વાત રહેલી છે. અમુક હદ સુધી તેમના ઉપચારોને હું માનું છું; પણ, મને લાગ્યું છે કે, કેટલાક અનુમાનો બાંધવામાં તેમણે ઉતાવળ કરેલી છે.

પણ તેમની શોધો યોગ્ય હો કે અયોગ્ય, મેંતેમને મારા શરીર ઉપર અખતરાઓ કરવા દીધા. બાહ્ય ઉપચારોથી સાજા થવાય તોમને ગમે, ને તે પણ બરફના એટલે પાનીના. એટલે તેમણે મારે આખે શરીરે બરફ ઘસવાનું શરૂ કર્યું. તેથી તે માને છે એટલું પરિણામ જોકે મારે વિષે ન આવ્યું, છતાં રોજ મરણની વાટ જોઈને હું બેઠોહતો તેને બદલે હવે કંઈક જીવવાની આશા બાંધવા લાગ્યો. કંઈક ઉત્સાહ આવ્યો. મનના ઉત્સાહની સાથે સાથે શરીરમાં પણ ઉત્સાહ આનુભવ્યો. કંઈક વધારે ખાવા લાગ્યો. પાંચ દશ મિનિટ રોજ ફરતો થયો. 'જો તમે ઈંડાનો રસ પીઓ તો તમને આવ્યો છે તેના કતા વધરે ઉત્સાહ આવે એવી હું તમને ખોળાધારી આપી શકું છું. અને ઈંડા દૂધ જેટલો નિર્દોષ પદાર્થ છે, એ માંસ તો નથી જ. દરેક ઈંડામાંથી મુરઘી થાય જ એવો નિયમ નથી. જેમાંથી મુરઘી ન જ થાય એવાં નિર્બિજ ઈંડા સેવવામાં આવે છે. એ હું તમારી પાસે પુરવાર કરી શકું છું.' પણ એવાં નિર્બિજ ઈંડા લેવાને સારુયે હું તૈયાર ન થયો, છતાં મારું ગાડું કંઈક આગળ ચાલ્યું. અને હું આસપાસનાં કામોમાં થોડો થોડો રસ લેવા લાગ્યો.

માથેરાન જવાથી શરીર ઝટ વળશે એવી મિત્રોની સલાહ મળતાં હું માથેરાન ગયો. પણ ત્યાંનું પાણી ભારે હોવાથી મારા જેવા દરદીને રહેવું મુશ્કેલ થઈ પડ્યું. મરડાને અંગે ગુદાદ્વાર ખૂબ આળું થઈ ગયું હતું, અને ત્યાં ચીરા પડેલા હોવાથી મળત્યાગ વેળા ખૂબ વેદના થતી, એટલે કંઈ પણ ખાતાં ડર લાગે. એક અઠવાડિયામાં માથેરાનથી પાછો ફર્યો. મારી તબિયતની રખેવાળી પણ શંકરલાલે હાથમાં લીધી હતી. તેમણે દાક્તર દલાલની સલાહ લેવાનો આગ્રહ કર્યો. દાક્તર દલાલ આવ્યા. તેમની તાત્કાલિક નિર્ણય કરવાની શક્તિએ મને મોહિત કર્યો. તે બોલ્યાઃ

'તમે દૂધ ન લો ત્યાં લગી તમારું શરીર હું વાળી ન શકું. તે વાળવાને સારુ તમારે દૂધ લેવું જોઈએ ને લોખંડ ને સોમલની પિચકારી લેવી જોઈએ. આટલું કરો તો તમારું શરીર બરોબર ફરી બાંધવાની હું 'ગૅરંટી' આપું.'

'પિચકારી આપો પણ દૂધ ન લઉં,' એમ મેં જવાબ વાળ્યો.

'તમારી દૂધની પ્રતિજ્ઞા શી છે?' દાક્તરે પૂછ્યું.

'ગાયભેંસ ઉપર ફુક્કાની ક્રિયા થાય છે એ જાણ્યા પછી દૂધની ઉપર મને તિરસ્કાર થયો, ને તે મનુષ્યનો ખોરાક નથી એમ તો હું સદાય માન્તો, એટલે મેં દૂધનો ત્યાગ કર્યો.'

'ત્યારે તો બકરીનું દૂધ લેવાય', એમ કસ્તૂરબાઈ જે ખાટલાની પાસે જ ઊભી હતી તે બોલી ઊઠી.

'બકરીનું દૂધ લો એટલે મારું કામ પત્યું,' દાક્તર વચ્ચે બોલ્યા.

હું પડ્યો. સત્યાગ્રહની લડાઈના મોહે મારામાં જીવવાનો લોભ પેદા કર્યો, ને મેં પ્રતિજ્ઞાના અક્ષરના પાલનથી સંતોષ માની તેના આત્માને હણ્યો. દૂધની પ્રતિજ્ઞા વખતે જોકે મારી સામે ગાયભેંસ જ હતાં, છતાં મારી પ્રતિજ્ઞા દૂધમાત્રની ગણાવી જોઈએ; અને જ્યાં લગી હું પશુના દૂધમાત્રને મનુષ્યના ખોરાક તરીકે નિષિદ્ધ માનું, ત્યાં લગી મને તે લેવાનો અધિકાર નથી, એમ હું જાણતો છતાં બકરીનું દૂધ લેવા તૈયાર થયો. સત્યના પૂજારીએ સત્યાગ્રહની લડાઈને સારુ જીવવાની ઇચ્છા રાખીને પોતાના સત્યને ઝાંખપ લગાડી.

મારા આ કાર્યનો ડંખ હજુ રુઝાયો નથી, અને બકરીનું દૂધ પીતાં રોજ દુઃખ અનુભવું છું. પણ સેવા કરવાનો મહાસૂક્ષ્મ મોહ મારી પૂંઠે લાગેલો મને છોડતો નથી. અહિંસાની દષ્ટિએ ખોરાકના મારા પ્રયોગો મને પ્રિય છે. તેમાં મને આનંદ મળે છે, તે મારો વિનોદ છે. પણ મને બકરીનું દૂધ એ દષ્ટિએ અત્યારે નથી ખૂંચતું. તે મને સત્યની દષ્ટિએ ખૂંચે છે. અહિંસાને હું ઓળખી શક્યો છું તેના કરતાં સત્યને વધારે ઓળખું છું એમ મને ભાસે છે. જો સત્યને છોડું તો અહિંસાની ભારે ગૂંચવણો હું કદી ન જ ઉકેલી શકું એવો મારો અનુભવ છે. સત્યનું પાલન એટલે લીધેલા વ્રતનાં શરીર અને આત્માની રક્ષા, શબ્દાર્થ અને ભાવાર્થનું પાલન. અહીં મેં આત્માને-ભાવાર્થને હણ્યો છે એ મને રોજ ખૂંચે છે. આ જાણતો છતાં, મારા વ્રત પ્રત્યે મારો ધર્મ શો છે એ હું જાણી શક્યો નથી, અથવા કહો કે મને તેના પાલનની હિંમત નથી. (ક્રમશઃ)

- 'સત્યના પ્રયોગો'માંથી સાભાર

ચૈત્રી નવરાત્રી નિમિત્તે વાવોલ ગામની

સિદ્ધાર્થ રેસીડેન્સીમાં યોજાયા આનંદના ગરબા

ગાંધીનગર જિલ્લાના વાવોલ ગામમાં ચૈત્રી નવરાત્રી નિમિત્તે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામમાં સ્થિત સોસાયટી સિદ્ધાર્થ રેસીડેન્સી ખાતે પ્રથમ નોરતે જ આનંદના ગરબા યોજવામાં આવ્યા હતા. રાણીપ, અમદાવાદના જાણીતા 'ચેહરમા રાસ-ગરબા ગ્રુપ'ના ઈશ્વરભાઈ રબારી અને સાથી કલાકારોએ મોડી રાત સુધી આનંદના ગરબા પ્રસ્તુત કરી ભક્તિમય વાતાવરણ ઊભું કર્યું હતું. સોસાયટી ઉપરાંત આસપાસની સોસાયટીના રહીશોએ પણ આ કાર્યક્રમનો ભાવપૂર્વક લાભ લીધો હતો.

ઓમ કૉમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે આત્મા હૉલ, આશ્રમ રોડ,અમદાવાદ ખાતે કવિ,નાટ્યકાર,આત્મકથાકાર,વિવેચક,પ્રવાસલેખક ચંદ્રવદન ચીમનલાલ મહેતા 'ચં. ચી. મહેતા'ના ૧૧૯મા જન્મદિનપ્રસંગે 'પ્રેમનું મોતી' સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યાએ ભૂમિકા રજૂ કરી. ચં. ચી. મહેતાના જીવન વિશે સાહિત્યકાર હસુ યાજ્ઞિકે અને ચં. ચી. મહેતાનાં નાટકો વિશે નાટ્યકાર શૈલેશ ટેવાણીએ વક્તવ્ય આપ્યું હતું. ચં. ચી. મહેતાની આત્મકથા 'ગઠરિયાં' વિશે અજય રાવલે વક્તવ્ય આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત' દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગને માણવા સાહિત્યકાર સતીશ વ્યાસ, યોસેફ મેક્વાન, જનક દવે, રંજના હરીશ, હરીશ દ્વિવેદી, નરેશ ફીટર, જયન્ત ડાંગોદરા, હરદ્વાર ગોસ્વામી, સુધા ભટ્ટ તેમજ પ્રશાંત બારોટ, પ્રવીણ પટેલ, મુકુંદ દવે, હર્ષદ બ્રહ્મભટ્ટ, ફાધર વર્ગીસ પોલ, વિપુલ આચાર્ય જેવા સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

એનઆઈડી ખાતે ફોટોગ્રાફી પ્રદર્શન

ગાંધીનગર, તા. ૭

નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઈન, ગાંધીનગર ખાતે વિશિષ્ટ બાળકોના ફોટોગ્રાફ્સનું પ્રદર્શન યોજવામાં આવ્યું છે.

બિન્દી શેઠ દ્વારા લેવામાં આવેલા આ ફોટોગ્રાફ્સનું પ્રદર્શન 'લાઈક અસ' નામે ૧૧ એપ્રિલથી ૧૭ એપ્રિલ દરમિયાન એનઆઈડીની ડિઝાઈન ગેલેરી ખાતે યોજવામાં આવ્યું છે. પ્રદર્શન સવારે ૧૦થી સાંજે ૫ કલાક દરમિયાન આમ જનતા માટે ખુલ્લું રહેશે. ૧૦મી એપ્રિલે આ પ્રદર્શનનું ઉદ્ઘાટન નિવૃત્ત સનદી અધિકારી પ્રવીણ કે લહેરીના હસ્તે કરવામાં આવશે. એનઆઈડી અને પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે આ ફોટોગ્રાફી પ્રદર્શન યોજાઈ રહ્યું છે.

અમદાવાદ ડિસ્ટ્રીક્ટ અન્ડર-૯ સિલેક્શન ફોર સ્ટેટ ચેમ્પિયનશીપ-૨૦૧૯નું આયોજન અમદાવાદ ખાતે તાજેતરમાં કરવામાં આવ્યું હતું. કર્ણાવતી ચેસ એકેડેમી દ્વારા ચેસ ન્યૂ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ એસોસિએશનના નેજા હેઠળ ચેસ એકેડેમી, શુકન ટાવર, બોડકદેવ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું, પ્રત્યેક કેટેગરીમાંથી પ્રથમ બે વિજેતા ખેલાડીઓ ગુજરાત સ્ટેટ ટુર્નામેન્ટમાં અમદાવાદજિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

ડાયરેક્ટ ❤ સે

ભૂલ એનાથી જ થાય છે
જે કંઈક કરવા ઈચ્છે છે
બાકી નહીં કરવાવાળા તો
બીજાની ભૂલો જ જુએ છે

જન્મદિને વધામણી

એલ ટી બોરા
પૂર્વ ક્રિકેટર, ગાયક
મો. ૯૯૨૫૫ ૯૫૧૪૮

જયંતકુમાર ડી ગોહિલ
મો. ૯૮૭૯૧ ૪૩૭૮૮

પ્રતીમાબેન ત્રિવેદી
લાયોનેસ ક્લબ

કરુણા અનિલકુમાર બોરા
મો. ૯૪૦૯૪ ૦૮૩૫૪

રિગ્વેદ સંદીપ જગતાપ
મો. ૯૮૭૯૮ ૦૭૩૧૧

હિયાંશ
કરશનભાઈ મેસરવાલા

હિત ભૂત

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક